<u>ૐ</u>

મોરના ટહુકાને કેવળ સાંભળીને શું કરીશ?
વાત તો તારી જ છે, તું સાંભળીને શું કરીશ?

દોસ્ત હોય તે વળી, આમ શું ઊંધો ફરે ?
ઓળખ્યા વિના તું પીઠ થાબડીને શું કરીશ?

શું ઊભા રહીને જીવન ગુજારવાનું છે અહીં ?
એક ડગલું આટલું તું જાળવીને શું કરીશ?

કોઈકના દિલમાં જગા થોડીક બનાવી રાખજે,
નામ પર તો તું જમીનો ફાળવીને શું કરીશ ?

એક અર્થ આનો હજી હું સમજાવી ના શકયો,
તું હવે બીજા અરથને તારવીને શું કરીશ?

–ડૉ.મુકેશ જોષી